## EDII ખાતે કંમ્બોડિયા, જામ્બિયા અને લાઓસના સ્ટુડન્ટ્સે કહ્યું કે...

# કળા કરેલા મોર પહેલીવાર ભારતમાં જોયા છે

અમદાવાદ : ગુજરાત ભારત ઉપરાંત વિદેશના સ્ટુડન્ટ્સ માટે પણ એટ્રેક્શનનું કેન્દ્ર બની રહ્યું છે. દર વર્ષે ભારતના વિવિધ રાજ્યોના સ્ટુડન્ટ્સ તો અહીં અભ્યાસ માટે તો આવે છે, પરંતુ આપણી સાથે સારો સંબંધ ધરાવતા દેશોના સ્ટુડન્ટ્સ પણ સ્ટુડન્ટ્સ એક્ચેંજ પ્રોગ્રામ અંતર્ગત ભારતમાં આવે છે. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે કંમ્બોડિયા, જામ્બિયા અને લાઓસના સ્ટુડન્ટ્સ મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં જોડાયેલા છે. તેઓ ભારતની એજ્યુકેશન સિસ્ટમમાં સાથે છેલ્લા એક વર્ષથી અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ માને છે કે ભારતની ઈકોનોમિકલી સ્થિતિ ખૂબ જ સારી થઈ રહી છે. રસપ્રદ વાત એ છે કે તેઓએ પહેલીવાર ભારતમાં આવીને કળા કરેલો રંગબેરંગી મોર જોયો છે. તેઓ મોરને જોઈને ખૂબ જ આનંદિત થઈ ગયા હતા.



## ભારતના ઓનલાઇન માર્કેટે ઘણું શિખવ્યું છે

હું મારા દેશમાં જઇને ઓનલાઇન બિઝનેસની શરૂઆત કરવાનો છું. ત્યાં જઇને હું મની ટ્રાન્સફરના બિઝનેસમાં જોડાઇશ. ભારતમાં ઓનલાઇન બિઝનેસનો ઘણો વધારો થયેલો છે. જ્યારે કે અમારા દેશમાં હજુ ઓનલાઇન બિઝનેસની શરૂઆત થઇ રહી છે. અહી શીખેલી દરેક બાબત હું મારા દેશમાં જઇને શીખવીશ.

**- વેન્ડિક્યો**

## ગુજરાતનો ટ્રેડિશનલ ડ્રેસ અને મોર પસંદ આવ્યા

ગુજરાતની ગર્લ્સ જે પ્રકારનો ડ્રેસ પહેરે છે તે મને ખૂબ જ પસંદ આવ્યા છે. કારણ કે તેના કલર્સ અને બનાવટ અનોખી હોય છે. હું જ્યારે જઇશ ત્યારે ઘણા ડ્રેસ સાથે લઇને જઇશ. એકવાર અમે અમદાવાદમાં ફરવા ગયા હતા તો ત્યાં અચનાક કળા કરેલો મોર જોવા મળ્યો હતો. અમારા ગ્રૂપના દરેક મેમ્બરે પહેલીવાર મોરને જોયો હતો. અમે આ દ્રષ્ય જોઇને ખૂબ જ ખુશ થઇ ગયા હતા.

**- વેલાકોના**